મે 1, 2020

પ્રિય માતાપિતા /વાલીઓ અને પરિવારો,

COVID-19 ના ફેલાવાને રોકવાના પ્રયત્નોના ભાગરૂપે, ઓન્ટારીયોમાં જાહેર ભંડોળ મેળવતી તમામ શાળાઓને બંધ રાખવાનું ઓછામાં ઓછું 31 મે, 2020 સુધી વધારવામાં આવ્યું છે. જ્યારે કે આ બંધનો વધારો પડકારજનક અને હતાશાજનક છે, ત્યારે આપનો આભાર માનવા અને એ સ્વીકારવા માટે કે માતાપિતા તથા પરિવારો શિક્ષણમાં ભાગીદાર તરીકે છે તે બદલ અમે કેટલા આભારી છીએ તે જણાવવા હું આ તક લેવા માંગુ છું.

આપણે જાણીએ છીએ કે આ સમયે તમે જે વધારાની જવાબદારીઓનો સામનો કરી રહ્યા છો તેના ઉપરાંત દૂરસ્થ શિક્ષણથી તમારા બાળક (બાળકો)ને ટેકો આપવાનું કામ સહેલું નથી. આ અનુભવ દરેક માટે નવો છે. આપણે રોજેરોજ એક સાથે મળીને શીખીશું. જેમ જેમ આપણે આ કાર્ય કરીએ છીએ, હું માતાપિતા અને પરિવારોને એ અંગે મજબૂત કરવા માંગું છું કે આ અસાધારણ સંજોગોમાં, વિદ્યાર્થીઓ શાળાનો સંપૂર્ણ દિવસ ભાગ લે એવી અથવા શિક્ષકો દ્વારા પ્રદાન કરવામાં આવતી શીખવાની તકો ભૌતિક વર્ગખંડમાં જેવી વિશિષ્ટ હોય છે એની જ નકલ હશે, એવી અપેક્ષા અમે રાખતા નથી.

પરિવારોને તેમના તાજેતરના પત્રમાં, શિક્ષણમંત્રી  સ્ટીફન લેક્સે કોઈપણ અઠવાડિયામાં દૂરસ્થ શિક્ષણ અને વિદ્યાર્થીઓના કાર્ય-સમય માટેની અપેક્ષાઓ વિશે વધુ માહિતી સહિયારી કરી છે. અમારા ટીડીએસબીના શિક્ષકોઆ વિવિધ પ્રકારની અપેક્ષાઓ પૂરી કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે, અમારા યુનિયનના ભાગીદારો સાથે મળીને, વિદ્યાર્થીઓ સાથેના તેમના સંબંધોને જાળવવા માટે ઓનલાઇન શીખવાના પ્લેટફોર્મનો ઉપયોગ કેવી રીતે કરી રહ્યા છે તે જાણવાની રીતો શોધી રહ્યા છીએ, જેથી અમે તેમને વધુ સારી રીતે ટેકો આપી શકીએ.

શિક્ષકો વર્ગમાં દરેક વિદ્યાર્થીની અને પરિવારોની જરૂરિયાતોને પહોંચી વળવા વિદ્યાર્થીઓ અને પરિવારો સાથે જોડાશે. આ વર્ગથી વર્ગ, શિક્ષકથી શિક્ષક અને વ્યક્તિગત વિદ્યાર્થીઓ તથા પરિવારો માટે અલગ અલગ દેખાશે. આપણે આપણા વિદ્યાર્થીઓ અને પરિવારોના વિવિધ સંજોગો અને અનુભવોને ધ્યાનમાં લેવાની અને તેની કદર કરવાની જરૂર છે. અમારા વિદ્યાર્થીઓ પાસે ઘરેલું ભણતરનું વિશિષ્ટ વાતાવરણ છે જેમને વિવિધ સ્તરે સમર્થન ઉપલબ્ધ છે. અત્યારે જે સૌથી અગત્યનું છે તે એ છે કે આપણે તમામ વિદ્યાર્થીઓને સામેલ રાખવાનું અને વિદ્યાર્થીઓ, સ્ટાફ અને પરિવારોના સ્વાસ્થ્ય તથા સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરવાનું, અને ઘરે ભણવામાં સહાયતા કરવાનું ચાલુ રાખીએ છીએ.

જેમ જેમ આપણે ભવિષ્ય તરફ જોઈએ છીએ, અમે તમને વિવિધ ક્ષેત્રમાં તાજી વિગતો પૂરી પાડવા માગીએ છીએ, જે તમને આવનારા દિવસો અને અઠવાડિયાઓમાં આગળ વધવામાં સહાય કરશે. કૃપા કરીને એક બીજા સાથે જોડાવા માટે શિક્ષકો અને તમારા શાળા સમુદાય સાથે સંપર્કમાં રહેવાનું ચાલુ રાખો. કૃપા કરીને સ્વસ્થ રહો અને તમારી તથા તમારા પરિવારની સંભાળ રાખો. આપણે સાથે જ છીએ!

- માતાપિતા/પરિવારો માટે ભણતરનાં સત્રો
- વિદ્યાર્થીઓની સિધ્ધિ અને સુખાકારીને ટેકો, મૂલ્યાંકન અને જાણ કરવી
- તમારો પ્રતિભાવ જણાવો
- વિશિષ્ટ શિક્ષણ દૂરસ્થ IPRC/SEPRC/IEP
- સુખાકારી અને વિદ્યાર્થી સહભાગિતા
- સ્નાતક સમારોહ, પ્રોમ્સ અને અન્ય કાર્યક્રમો
- ઉનાળુ શિક્ષણ તકો
- ફ્રેન્ચ બીજી ભાષા તરીકે **(FSL)** પરિવારો માટે સંસાધનો

## માતાપિતા/પરિવારોને શીખવા માટેનાં નવાં સત્ર

દૂરસ્થ શિક્ષણ માટેનાં ઓનલાઈન પ્લેટફોર્મ કેટલાક પરિવારો માટે નવાં છે અને આ નવિન શિક્ષણ પર્યાવરણનું માર્ગદર્શન કરવામાં તમારી સહાય માટે અમે તમને સમર્થન આપવા પ્રતિબધ્ધ છીએ. મુખ્ય પ્લેટફોર્મ: બ્રાઈટસ્પેસ Brightspace અને ગૂગલ ક્લાસરૂમ Google Classroom બેઉની ઝાંખી પૂરી પાડવા માટે ખાસ અધ્યયન સત્રો ઉપલબ્ધ છે.

### બ્રાઈટસ્પેસ લર્નિંગ પ્લેટફોર્મનો પરિચય

આ સત્ર બ્રાઈટ્સ સ્પેસ લર્નિંગ પ્લેટફોર્મનો પરિચય કરાવશે અને આવરી લેશે: કેવી રીતે પ્રવેશ કરવો, કેવી રીતે લોગઈન કરવું અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી કેટલીક ચાવીરૂપ સુવિધાઓના મુખ્ય અંશો. સત્રમાં જોડાવા માટે, વેબસાઈટની મુલાકાત લો અને યોગ્ય લિંક પર ક્લિક કરો.

- સોમવાર, 4 મે બપોરે 3 વાગ્યે
- મંગળવાર, 5 મે સાંજે 7 વાગ્યે

### ગૂગલ ક્લાસરૂમ લર્નિંગ પ્લેટફોર્મનો પરિચય

આ સત્ર ગૂગલ ક્લાસરૂમ લર્નિંગ પ્લેટફોર્મનો પરિચય કરાવશે અને આવરી લેશે: કેવી રીતે પ્રવેશ કરવો, કેવી રીતે લોગઈન કરવુંઅને શિક્ષકો તથા વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી કેટલીક ચાવીરૂપ સુવિધાઓના મુખ્ય અંશો. સત્રમાં જોડાવા માટે, વેબસાઈટની મુલાકાત લો અને યોગ્ય લિંક પર ક્લિક કરો.

- મંગળવાર, 5 મે બપોરે 3 વાગ્યે
- બુધવાર, 6 મે સાંજે 7 વાગ્યે

## સુખાકારી અને વિદ્યાર્થી સહભાગિતા

અમારી ટોચની અગ્રતા એ છે કે તમામ વિદ્યાર્થીઓ, સ્ટાફ અને માતાપિતા / પરિવારોના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને ટેકો આપવામાં આવે અને તેમાં વૃધ્ધિ થાય. સ્કૂલનો સ્ટાફ દૂરસ્થ શિક્ષણ આપે છે ત્યારે સંબંધોને જાળવી રાખવાનું ચાલુ રાખે છે તથા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે જોડાવા અને તેમાં સહભાગિતા માટે વિવિધ સર્જનાત્મક રીતોનો ઉપયોગ કરે છે.

## વિદ્યાર્થીઓની સિધ્ધિ અને સુખાકારીને ટેકો, મૂલ્યાંકન અને જાણ કરવી

દરેક માટે આ એક પડકારજનક સમય છે કારણ કે આપણે સામૂહિક રીતે વિદ્યાર્થીઓને સફળતા માટે સ્થાપિત કરવાની કાર્ય પ્રણાલિઓ તરફ કામ કરી રહ્યા છીએ. આપણે જાણીએ છીએ કે આપણી વ્યવસ્થામાં ઘણી અસમાનતાઓ છે જે વિદ્યાર્થીના શિક્ષણ અને સિધ્ધિને અસર કરે છે. આમાં ટેક્નોલોજીની સુલભતા, સંસાધનોની ઉપલબ્ધતા, ઓનલાઈન એપ્લિકેશન્સથી પરિચિતતા અને શિક્ષણ માટેના ટેકાનો સમાવેશ થાય છે. શિક્ષકો આ પડકારોને ધ્યાનમાં રાખશે, કારણ કે તેઓ બધા શીખનારાઓને ટેકો આપે છે અને ઓન્ટારીયોના અભ્યાસક્રમ સાથે જોડાયેલા શિક્ષણની અર્થપૂર્ણ તકો પ્રદાન કરે છે, જે જૂનના વર્ષાંત અહેવાલો સુધી પહોંચે છે.

એ અમારી પ્રતિબધ્ધતા છે કે આકારણી, મૂલ્યાંકન અને રિપોર્ટિંગ બધા વિદ્યાર્થીઓ માટે યોગ્ય, પારદર્શક અને સમાન હશે અને તે શિક્ષણ અને સુધારણાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. હંમેશની જેમ, જો તમને કોઈ પ્રશ્નો અથવા ચિંતા હોય, તો કૃપા કરીને તમારા બાળકના શિક્ષક અને / અથવા વહીવટી તંત્ર સાથે સંપર્ક કરો. પ્રારંભિક અને માધ્યમિક વિદ્યાર્થી આકારણી અને અહેવાલ વિશે વધુ માહિતી અને ખાસ વિગતો માટે કૃપા કરીને માતાપિતા / કુટુંબ મૂલ્યાંકનસમાચારનો પત્ર વાંચો.

## સ્નાતક સમારોહ, પ્રોમ્સ અને અન્ય કાર્યક્રમો

14મી એપ્રિલના રોજ પત્રમાં જણાવ્યા મુજબ, શાળાના વર્ષના બાકીના ભાગ માટે તમામ પર્યટનો અને રાત્રી રોકાણના પ્રવાસો રદ કરવામાં આવ્યા છે. અમે આશા વ્યક્ત કરી હતી કે પ્રોમ્સ, સ્નાતક સમારોહ અને અન્ય કાર્યક્રમો માટે આ વર્ષે આગળ વધવું શક્ય બનશે, પરંતુ તાજેતરના સમાચાર બાદ કે શાળાઓ હવે ઓછામાં ઓછી 31મે સુધી બંધ રહેશે, તે શક્ય નથી. દુ:ખની વાત છે કે, ઓછામાં ઓછું શાળા-વર્ષના અંત સુધી આપણે આ પ્રસંગોને રદ કરવા પડ્યા છે અથવા મુલતવી રાખવા પડ્યા છે. હજી ઘણી અનિશ્ચિતતાઓ હોવાના કારણે, સ્થગિત પ્રસંગોની ફરીથી ગોઠવણ સ્થાનિક સંજોગોને આધારે શાળાના સ્તરે કરવામાં આવશે. મહેરબાની કરીને નોંધ કરશો કે સામાન્ય રીતે સ્નાતક સમારોહ દરમિયાન આપવામાં આવતી શિષ્યવૃત્તિ, ઔપચારિક માન્યતા સાથે, પછીની તારીખે આપવામાં આવી શકે છે.

## તમારો પ્રતિભાવ જણાવો

જેમ જેમ આપણે દૂરસ્થ શિક્ષણના આપણા પ્રથમ મહિનાના અંત સુધી આવી રહ્યા છીએ, અમે તમારી પાસેથી સાંભળવા માંગીએ છીએ. શું સારું કામ કર્યું છે? શું નથી? તમારાં સૂચનો શું છે?દૂરસ્થ ભણતર સાથેના તમારા બાળકના અનુભવ વિશેના તમારા વિચારોને

સહિયારા કરવા માટે કૃપા કરીને થોડી મિનિટો લો. તમારો અભિપ્રાય મહત્વપૂર્ણ છે કારણ કે અમે અમારા વિદ્યાર્થીઓ અને પરિવારોની જરૂરિયાતોને વધુ સારી રીતે સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. વાતચીતમાં તમારું મંતવ્ય ઉમેરવા માટે આ વિચાર વિનિમય (ThoughtExchange)માં અમારી સાથે જોડાવ.

## ઉનાળુ શિક્ષણ તકો

ઉનાળા દરમિયાન શીખવાનું ચાલુ રાખવા માટે ઘણા બધા વિકલ્પોની શોધખોળ કરવામાં આવી રહી છે. કૃપા કરીને વધુ માહિતી માટે નીચે જુઓ અને વધુ વિગતો આવનારાં સપ્તાહોમાં આપવામાં આવશે.

### હાઈબ્રિડ એલિમેન્ટરી સમર સ્કૂલ રિમોટ લર્નિંગ

દૂરસ્થ ઉનાળુ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓના ભણતરની ઊણપોને દૂર કરવા અને જુલાઈ સુધી વિદ્યાર્થીઓની સહભાગિતા ચાલુ રાખવા માટે યોજનાઓ થઈ રહી છે. વધારાની વિગતો આવનારાં સપ્તાહોમાં પ્રાથમિક ઉનાળુ શાળાના વેબ પેજ પર ઉપલબ્ધ હશે.

*નોંધ: આ પ્રોગ્રામને "હાઈબ્રિડ" કહેવામાં આવે છે કારણ કે તેમાં શિક્ષણ મંત્રાલયના માર્ગદર્શનને અનુરૂપ,ઓનલાઈન અને વર્ગ-શિક્ષણના વાતાવરણનોસમાવેશ હોઈ શકે છે.*

### રિમોટ સમર ક્રેડિટ રિકવરી (સેકન્ડરી)

નિરંતર શિક્ષણ વિભાગ, ટીડીએસબીના માધ્યમિક વિદ્યાર્થીઓ માટે જુલાઈ 6-31માં રિમોટ ક્રેડિટ રિકવરી પ્રોગ્રામ રજૂ કરશે. આ કાર્યક્રમ 2020 માટે રૂબરૂ-ઉનાળુ શાળાની બદલીમાં છે અને તેમાં ફરજિયાત અભ્યાસક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરીને, ધોરણ 9 થી 12 સુધીના તમામ વિષયોના અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવશે. વધુ માહિતી માટે આવનારાં સપ્તાહોમાં ઉનાળુ શાળાના વેબ પેજની મુલાકાત લો.

### હાઈબ્રીડ રિમોટ સમર ક્રેડિટ રિકવરી (સેકન્ડરી)

નિરંતર શિક્ષણ વિભાગ, ટીડીએસબીના માધ્યમિક વિદ્યાર્થીઓ માટે જુલાઈ 6-31માં રિમોટ ક્રેડિટ રિકવરી પ્રોગ્રામ રજૂ કરશે. આ કાર્યક્રમ 2020 માટે રૂબરૂ-ઉનાળુ શાળાની બદલીમાં છે અને તેમાં ફરજિયાત અભ્યાસક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરીને, ધોરણ 9 થી 12 સુધીના તમામ વિષયોના અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવશે. વધુ માહિતી માટે આવનારાં સપ્તાહોમાં ઉનાળુ શાળાના વેબ પેજની મુલાકાત લો.
*નોંધ: આ પ્રોગ્રામને "હાઇબ્રિડ" કહેવામાં આવે છે કારણ કે તેમાં શિક્ષણ મંત્રાલયના માર્ગદર્શનને અનુરૂપ,ઓનલાઇન અને વર્ગ-શિક્ષણના વાતાવરણનોસમાવેશ હોઈ શકે છે.*

### ઈ-સમર પ્રોગ્રામ

ઈ-સમર પ્રોગ્રામ અગાઉનાં વર્ષોની જેમ જ જુલાઈ અને ઓગસ્ટમાં ચાલુ રહેશે અને ટીડીએસબી વિદ્યાર્થીઓ માટેના અભ્યાસક્રમોની નોંધણી એપ્રિલની શરૂઆતમાં શરૂ થઈ હતી. અભ્યાસક્રમો એ ફુલ-ક્રેડિટ છે અને તેમાં ગ્રેડ 11 અને 12ના

અભ્યાસક્રમો તેમજ ગ્રેડ 10ના સિવિક્સ અને કરિયર સ્ટડીઝનો સમાવેશ થાય છે. બિન-ટીડીએસબી વિદ્યાર્થીઓ ઓગસ્ટમાં ચાલતા અભ્યાસક્રમો માટે જૂનની શરૂઆતમાં નોંધણી કરાવી શકે છે. અભ્યાસક્રમો અને નોંધણી પ્રક્રિયા વિશે સંપૂર્ણ માહિતી ઈ-લર્નિંગ વેબસાઈટ પર દર્શાવેલ છે.

**સ્પેશ્યલ એજ્યૂકેશન રિમોટ સમર સ્કૂલ**
વિશેષ શિક્ષણના વિદ્યાર્થીઓ માટે ઉનાળુ શાળા દૂરથી ચાલુ રહેશે. માધ્યમિક ડીએચએચ (DHH) વિદ્યાર્થીઓ તેમના સેકન્ડરી ક્રેડિટ અભ્યાસક્રમોને સુલભ કરી શકશે. ગ્રેડ 1-8ના વિદ્યાર્થીઓ માટે અમે ડીએચએચ (DHH) સમર સ્કૂલ પણ પ્રદાન કરીશું. માધ્યમિક સીટીસીસી સમર સ્કૂલ પણ ચાલુ રહેશે જેથી વિદ્યાર્થીઓ ઉનાળાની ક્રેડિટને સુલભ કરી શકે.

ગ્રેડ 1 થી 12 ના વિકાસલક્ષી અક્ષમતાવાળા વિદ્યાર્થીઓ માટે સમર સ્કૂલ પણ પ્રસ્તુત કરવામાં આવશે, શિક્ષકો પહેલેથી સ્થાપિત થયેલ દૂરસ્થ શિક્ષણ ચાલુ રાખશે અને વિદ્યાર્થીઓ તથા પરિવારોને વધુ શીખવાની તકો સહિત ટેકો આપશે.

## સ્પેશ્યલ એજ્યૂકેશન રિમોટ IPRC/SEPRC/IEP

મંત્રાલયે વિશેષ શિક્ષણની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે તેમના તાજેતરના મેમો વિશેષ શિક્ષણની જરૂરિયાતો અને માનસિક સ્વાસ્થ્ય સમર્થનો(Continuity of Learning for Students with Special Education Needs and Mental Health Supports)માં વધુ દિશા નિર્દેશ કર્યા છે.

વર્તમાન અભૂતપૂર્વ દૂરસ્થ સંજોગોને કારણે, વ્યવસ્થા તંત્રની તાત્કાલિક જરૂરિયાતો પૂરી થાય તે માટે આઈપીઆરસી IPRCs અને એસઈપીઆરસી SEPRCs ને પ્રાથમિકતા આપવામાં આવી છે.

**IPRCs અને SEPRCsને પ્રાથમિકતા:**

- ડાયગ્નોસ્ટિક કિન્ડરગાર્ટન (DK)ની બહાર નીકળતા સિનિયર કિન્ડરગાર્ટનના વિદ્યાર્થીઓ;
- જેમના માટે ISPની વિચારણા થઈ રહી છે એવા કિન્ડરગાર્ટન હસ્તક્ષેપ કાર્યક્રમ (KIP)થી બહાર નીકળતા તમામ વિદ્યાર્થીઓ;
- જેમને એકથી બીજી શાળાએ બદલાઈને જવાનું થાય ત્યારે પરિવર્તનની જરૂર હોય છે એવા હાલમાં ‘સ્પેશ્યલ એજ્યૂકેશન ઈન્ટેન્સિવ સપોર્ટ’માં રહેલા વિદ્યાર્થીઓ માટે લેવલ 2 વાર્ષિક આઈપીઆરસી IPRC સમીક્ષા પ્રોગ્રામ (ISP);
- ફક્ત ગંભીર જટિલ તબીબી જરૂરિયાતોવાળા વિદ્યાર્થીઓ માટે એસઈપીઆરસી (SEPRC)ની વિચારણા;
- સીટીસીસી (CTCC) કાર્યક્રમોથી પરત આવતા વિદ્યાર્થીઓ;
- ગ્રેડ 3ના વિદ્યાર્થીઓ, જેમના માટે ગ્રેડ 4 Gifted ISP માટે વિચારણા કરવામાં આવી છે (ફક્ત ટીડીએસબીTDSB રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓ માટે છે; આ કેટેગરી માટે કોઈ એસઈપીઆરસી (SEPRC) નહીં.

આઈપીઆરસી (IPRCs) દૂરસ્થ રીતે વેબેક્સ Webexઅથવા ટેલિકોફ્રન્સ દ્વારા યોજવામાં આવશે. વિદ્યાર્થીની ગુપ્ત માહિતી ધરાવતા દસ્તાવેજો સાથે સંકળાયેલા માતાપિતા / વાલીઓને કોઈપણ ઈમેઈલ સંપર્કમાં ઈમેઈલ દ્વારા મોકલવામાં આવતી માહિતી મોકલવામાં આવે તે પહેલાં માતાપિતાની સંમતિની જરૂર રહેશે. માહિતીના રક્ષણની ખાતરી કરવા અને ગોપનીયતા ભંગને રોકવા માટે, વ્યક્તિગત વિદ્યાર્થીની માહિતી ધરાવતા ઈમેઈલ સંચારને એન્ક્રિપ્ટ કરવામાં આવશે અને પાસવર્ડથી સુરક્ષિત રહેશે. ઈમેઈલમાં વિષયના ખાનામાં "ગોપનીયતા"“CONFIDENTIAL”શબ્દ સામેલ હશે અને માતાપિતા / સંભાળ આપનારાઓએ ઈમેઈલ પ્રાપ્ત કર્યો છે એ સુનિશ્ચિતતા માટે વાંચ્યા બદલની રસીદ સામેલ હશે.

## ફ્રેન્ચ બીજી ભાષા તરીકે (એફએસએલ)નાં પરિવારો માટેનાં સંસાધનો

આ અઠવાડિયે,માતા-પિતા, વાલીઓ અને ફ્રેન્ચમાં વિદ્યાર્થીઓના પરિવારોને બીજી ભાષાના કાર્યક્રમો તરીકે, એફએસએલ (FSL) વિભાગે પરિવારો માટે એફએસએલ સંસાધનની ગૂગલ સાઈટ શરૂ કરી છે. આ સાઈટ દૂરસ્થ શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓને કેવી રીતે ટેકો આપવો, માર્ગદર્શક સિદ્ધાંતો, એફએસએલ (FSL) કાર્યક્રમોમાં દૂરસ્થ શિક્ષણ માટેની વિચારણા, સંસાધનોની લિંક્સ, ઘરે કેવી રીતે ટેકો આપવો અને વધુ વિશેની માહિતી પૂરી પાડે છે.

## શિક્ષણ મંત્રાલય અને ટોરન્ટો જાહેર આરોગ્યની અદ્યતન માહિતી

આ અઠવાડિયાની ઘોષણા સાથે કે શાળા બંધ રાખવાનું ઓછામાં ઓછા 31 મે, 2020 સુધી લંબાવાશે, શિક્ષણ મંત્રાલય અને ટોરોન્ટો પબ્લિક હેલ્થએ પણ આ અઠવાડિયે માતાપિતા / પરિવારોને પત્રો જારી કર્યા હતા. કૃપા કરીને અહીં અપડેટ્સ વાંચો: શિક્ષણ મંત્રાલય પત્ર અને ટોરોન્ટો જાહેર આરોગ્ય પત્ર.

## સમાપન વિચારો

શિક્ષણ ચાલુ રાખવા સમર્થન આપવા માટે તમે જે કરી રહ્યા છો તેના માટે ફરીથી આભાર.ઘર અને શાળા વચ્ચે મજબૂત ભાગીદારી હવે પહેલા કરતાં વધુ નિર્ણાયક છે. તમારા બાળક (બાળકો)ને સામેલ કરવા અને શાળા તથા તમારા શિક્ષકો સાથે જોડાયેલા રહેવા માટે તમે જે પણ કરી શકો છો તેની નોંધપાત્ર હકારાત્મક અસર પડશે. આ સંજોગોમાં, આપણે બધા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ અને અમે તમારા પ્રયત્નોની પ્રશંસા કરીએ છીએ.

હું અમારા વિદ્યાર્થીઓનો પણ ઉલ્લેખ કરવા માંગુ છું અને આ પરિવર્તન દરમિયાન તેમની સખત મહેનત અને સ્થિતિસ્થાપકતાની કદર કરું છું. દૂરસ્થ શિક્ષણ તરફ પરિવર્તન એ દરેક માટે એક સમાયોજન હતું અને વિદ્યાર્થીઓ જેનાથી ટેવાયા હોય છે તેના કરતાં ભણવાની એ ખૂબ જ અલગ રીત છે. આ સંજોગોમાં, વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુરૂપ ખડા થઈને જે અવિશ્વસનીય પ્રતિબદ્ધતા અને સર્જનાત્મકતા દર્શાવી છે, તેની અદ્ભુત વાતો મેં અમારી શાળાઓ અને શિક્ષકો પાસેથી સાંભળી છે. અમારી પાસે ટીડીએસબી (TDSB)માં આવેલા અદ્ભુત વિદ્યાર્થીઓ અને પરિવારો માટે તે વારસા સમાન છે. મને દરેક પર ખૂબ જ ગર્વ છે અને હું જાણું છું કે સાથે કામ કરીને આપણે આ મુશ્કેલ સમયમાંથી પસાર થઈશું.

એક આખરી વિચાર જે હું સહિયારો કરવા માંગું છું તે એ કે એક પુનઃ આશ્વાસન આપું છું કે શાળામાં પરત આવવા માટે આપણે પહેલેથી જ વિચારી રહ્યા છીએ અને સૌથી વધુ સારી યોજનાઓ બનાવી રહ્યા છીએ. એ ક્યારે બનશે તે આપણને હજી સુધી ખબર નથી, ત્યારે એ મહત્વનું અને જરૂરી બનશે કે આપણે ટોરન્ટો પબ્લિક હેલ્થ અને શિક્ષણ મંત્રાલય સાથે મળીને ભાગીદારીમાં કામ કરીએ એ સુનિશ્ચિત કરવા માટે કે યોગ્ય આરોગ્ય તથા સલામતી અને અન્ય ઉચિત પગલાં લેવાયાં હોય. ફરીથી, દરેક જણ માટે આ નવું અને વણખેડાયેલું ક્ષેત્ર છે અને અમે તેમાં જાહેર આરોગ્ય અધિકારીઓના જરૂરી માર્ગદર્શન તેમજ સ્ટાફ અને અન્ય લોકોના મૂલ્યવાન સહયોગ સાથે કામ કરીશું.

કૃપા કરીને સલામત અને સ્વસ્થ રહો.

આપનો વિશ્વાસુ,



John Malloy
Director of Education

જહોન મેલોય
ડાયરેક્ટર ઓફ એજ્યૂકેશન